# સાયન્સ કોર્નર

- વિકાસ ઉપાધ્યાય

## ૩૫ વર્ષથી ૨૦૦૦ થી વધુ લેખો લખનારા ગુજરાતી વિજ્ઞાન પત્રકારત્વના મહારથી ડૉ. જે.જે. રાવલ કહે છે

# વિજ્ઞાન પત્રકારત્વને પ્રોત્સાહન જરૂરી

## વિજ્ઞાન પત્રકારત્વ માત્ર વિજ્ઞાની હોય એ જ કે વિજ્ઞાનના પદવીધારકો જ કરી શકે એવુ નથી. વિજ્ઞાન પત્રકાર કે લેખકમાં વિજ્ઞાન પ્રત્યે લગાવ અને વૈજ્ઞાનિક વલણ હોવુ જોઈએ

આજે વિજ્ઞાન અને ટેકનોલોજીએ આપણું જીવન ધરમૂળથી બદલી નાંખ્યું છે. આપણે એક પણ ઘડી એના ઉપયોગ વિના વિતાવી શકાય એ વિચારી સુધ્ધાં શકતા નથી. આપણો સમગ્ર માનવજાત પર આવી સર્વાંગી પ્રભાવ પાડનારા વિજ્ઞાન વિશે સમજ કેળવવામાં, વૈજ્ઞાનિક અભિગમ કેળવવામાં ખાસ્સા બેદરકાર છીએ છતાં જન સામાન્ય સુધી વિજ્ઞાન અને ટેકનોલોજીમાં થતા સંશોધનો, વિકાસ અને ઉપયોગિતાની બાબત પહોંચતી હોય તો એ અખબારો અને પ્રચાર માધ્યમોમાં લખતા વિજ્ઞાન પત્રકારો કે વિજ્ઞાન લેખકોને કારણે છે માતબર અંગ્રેજી અખબારો કે ટેલિવિઝન ચેનલોમાં વિદેશોમાં જ નહીં આપણા દેશમાં પણ આ માટે ખાસ સાયન્સ કોરસ પોન્ડન્સની નિયુક્તિ થતી હોય છે પણ પ્રાદેશિક અખબારોમાં તો પછી એમાંથી જ ઉઠાંતરી કે અનુવાદો અપાતા હોય છે તેમ છતાં એ સમાજમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમ કેળવવામાં ફુલ નહીં તો ફુલની પાંખડી જેવુ પુણ્યકાર્ય તો કરતાં જ હોય છે. ગુજરાતમાં વિજ્ઞાન પત્રકારત્વના ક્ષેત્રે ધીમે ધીમે સારુ કાર્ય થઇ રહ્યું છે અને એ માટે આપણાં નજીકના ચીખલીના વતની તથા જન્મભુમિ પ્રવાસીના પુર્વ તંત્રી સ્વ. મનુભાઇ મહેતાથી લઇને વિજય ગુપ્ત મૌર્ય સુધીની એક આખી પેઢી અને ત્યારબાદ વિશ્વ વિખ્યાત ખગોળ વિજ્ઞાની ડો. જે.જે. રાવલ જેવા સિધ્ધહસ્ત વિજ્ઞાન પત્રકારોના આપણે ઋણી છીએ.

હાલમાં જ ડો. જે.જે. રાવલ વાપીની મુલાકાતે આવી ગયા ત્યારે આ બાબતમાં એમણે ઘણી મુલ્યવાન વાત કહી. તેમણે ગુજરાતમાં અને ગુજરાતી અખબારોમાં વિજ્ઞાન પત્રકારત્વના વિકાસ અંગેના પ્રશ્નના જવાબમાં કહ્યું કે ગુજરાતમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમના પ્રચાર પ્રસાર માટે જે લખતા હોય એવા વિજ્ઞાન પત્રકારો કે લેખકોને પ્રોત્સાહિત કરવાની જરૂર છે. વિજ્ઞાન પત્રકારત્વ માત્ર વિજ્ઞાની હોય એ જ કે વિજ્ઞાનના પદવીધારકો જ કરી શકે એવુ નથી. વિજ્ઞાન પત્રકાર કે લેખકમાં વિજ્ઞાન પ્રત્યે લગાવ અને વૈજ્ઞાનિક વલણ હોવુ જોઈએ. અલબત્ત, વિજ્ઞાની હોય અને એ વિજ્ઞાન લખે એના ફાયદા છે તેમ વિજ્ઞાની ન હોય અને એ વિજ્ઞાન લખે એના પણ ફાયદા હોય છે. મૂળ વાત વિજ્ઞાનને લોકો સુધી સરળ અને લોકભોગ્ય રીતે પહોંચાડવાની છે.

ડો. જે.જે. રાવલે વિજ્ઞાન પત્રકારત્વ કે વિજ્ઞાન લેખનમાં ગુજરાતીમાં સંદર્ભો અને માહિતી સ્રોતોના અભાવ અને એનાથી ઉભી થતી મર્યાદા અંગે પૂછતા તેમણે પોતાના ૩૫ વર્ષના સુદીર્ઘ વિજ્ઞાન પત્રકારત્વના અનુભવના આધારે ખૂબ ઉપયોગી માર્ગદર્શન આપ્યું તેમણે કહ્યું કે આજે ગુજરાતમાં અનેક વિજ્ઞાન લેખકો અખબારો અને સામયિકોમાં વિજ્ઞાન વિષયક લખાણો લખતા થયા છે. વૈજ્ઞાનિક સંશોધનો અને માહિતી માટે દેશ-વિદેશના મેગેઝીનો કે સંદર્ભ સાહિત્યનો સહારો ભલે લો પણ લખાણમાં મૌલિકતા હોવી જોઈએ. માત્ર અનુવાદો આપવાથી એ શુષ્ક બની રહે છે. આપણાં લખાણોમાં ભારતીયતા પણ ઉજાગર થવી જોઈએ. જો આપણે હિગ્સ-બોસોન વિશે લખતા હોઈએ તો એમાં સત્યેન્દ્રનાથ બોઝ અને મહર્ષિ કણાદનો ૨૬૦૦ વર્ષ જૂનો અણુવાદ પણ આવવો જોઈએ. એક સમયે આપણે જ્ઞાન-વિજ્ઞાનનો સમૃધ્ધ વારસો ધરાવતા હતા એનો ખજાનો છે પણ વચમાં પાંચેક સદી આક્રમણો અને ગુલામીમાં ગઈ. એ સમય પણ વીતી ગયો છે. આપણે ગુલામીની માનસિકતામાંથી બહાર આવવું પડશે.



પ્રખર ખગોળવિજ્ઞાની અને વિજ્ઞાન પત્રકાર ડો. જે.જે.રાવલ

**વિજ્ઞાની હોય અને એ વિજ્ઞાન લખે એના ફાયદા છે તેમ વિજ્ઞાની ન હોય અને એ વિજ્ઞાન લખે એના પણ ફાયદા હોય છે. મૂળ વાત વિજ્ઞાનને લોકો સુધી સરળ અને લોકભોગ્ય રીતે પહોંચાડવાની છે**

વિજ્ઞાન પત્રકાર લેખક તરીકે ડો. જે.જે. રાવલ પાછલા ૩૫ વર્ષથી નિયમિત રીતે જન્મભૂમિ પ્રવાસીમાં ખગોળ અને અવકાશ વિજ્ઞાનના લોકભોગ્ય શૈલીમાં લેખો લખતા રહ્યા છે અને આજ સુધીમાં એમણે ૨૦૦૦ થી વધારે લેખો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં જુદાજુદા અખબારો, સામાયિકોમાં લખ્યાં છે અને વિજ્ઞાનને લોકપ્રિય કરવા માટે તેમને ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ કટાર લેખકનો એવોર્ડ, મનુભાઇ મહેતા એવોર્ડ, મરાઠી વિજ્ઞાન પરિષદનો એવોર્ડ વગેરે ઉપરાંત કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય દ્વારા દેશમાં વિજ્ઞાનને લોકપ્રિય કરવાના શ્રેષ્ઠ પ્રયાસો માટેનો એવોર્ડ પણ એનાયત કરાયો છે. બીજાં માન-સન્માન અને એવોર્ડસની યાદી તો ઘણી લાંબી છે પણ વિજ્ઞાન પત્રકારત્વ ક્ષેત્રે ડો. રાવલ ગુજરાતમાં જ નહીં દેશમાં પણ એક જબરદસ્ત ઓથોરીટી છે. તેઓ દેશમાં સંશોધનો લોકો સુધી પહોંચે અને લોકો વૈજ્ઞાનિક દ્રષ્ટિ કેળવતા થાય, વહેમ, અંધશ્રધ્ધામાંથી મુકત થાય અને સાથે સાથે આપણાં રાષ્ટ્રના વિજ્ઞાન વારસાથી વાકેફ થઇ ગૌરવાન્વિત થાય એ માટે સતત લેખન ઉપરાંત, રેડીયો ટોક શો, ટેલિવિઝન કાર્યક્રમો, વ્યાખ્યાનો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સાથે સંગોષ્ઠિ વગેરે કરતાં જ રહે છે અને વિજ્ઞાનક્ષેત્રે નાનો સરખો પણ પ્રયત્ન કોઇ કરે તો એને મોકળા મને પ્રોત્સાહિત પણ કરે છે તેઓ જ્યારે મુંબઇના નહેરૂ પ્લેનેટેરીયમના ડાયરેકટર હતા ત્યારે તેમણે પ્લેનેટેરીયમ માટેના કાર્યક્રમો વિદેશોમાં બનાવવાની જગ્યાએ ઘરઆંગણે જ બનાવવાનો આગ્રહ રાખ્યો. આવા કાર્યક્રમો અતિશય મોંઘા હોય છે અને જટિલ હોય છે છતાંય આપણાં સમાજમાં વિજ્ઞાનને-ખગોળવિજ્ઞાનને આપણી રીતે રજુ કરવા તેમણે કાર્યક્રમ માટે સંશોધન, સ્ક્રીપ્ટ રાઈટીંગ, એડિટીંગ-ડબીંગ, મ્યુઝીક બધું અહીં જ કરવાનો આગ્રહ રાખ્યો અને અનેક સફળ કાર્યક્રમો બનાવ્યા. આ રીતે તેઓ નવી પેઢીને પણ તૈયાર કરવામાં માને છે. તેઓ માને છે કે વિદેશથી આવતા તૈયાર કાર્યક્રમોમાં ભારતીયતા ક્યાંથી આવે?

મુંબઇના નહેરૂ પ્લેનેટેરીયમના ડાયરેકટર તરીકે નિવૃત્ત થયા પછી ડો. જે.જે. રાવલ આજે પાછલા ૧૩ વર્ષથી ધ ઇન્ડીયન પ્લેનેટરી સોસાયટીની સ્થાપના કરીને ખગોળવિજ્ઞાનના પ્રચાર અને એના વિકાસમાં એક યુવા ટીમ સાથે સક્રિય છે અને સ્વયં એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પ્રખર ખગોળવિધ હોવા છતાં માતૃભાષા ગુજરાતીમાં વિજ્ઞાનલેખનને પ્રાથમિકતા આપે છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ ગુજરાતી ઉપરાંત સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી અને જર્મનભાષા પર પણ પ્રભુત્વ ધરાવે છે. નવા ઉગતા વિજ્ઞાન લેખકો અને વિજ્ઞાન પત્રકારોને પ્રોત્સાહન આપવાના હિમાયતી ડો. જે.જે. રાવલે સમાજમાં વિજ્ઞાનને લોકપ્રિય બનાવવામાં યોગદાન આપતા જાણીતા વૈજ્ઞાનિકો અને વિજ્ઞાન લેખકોને પ્રોત્સાહન આપવા માટે કેટલાક એવોર્ડસ પણ જાહેર કર્યા છે જેમાં મૂળ ચીખલીના સ્વશ્રી મનુભાઇ મહેતા એવોર્ડ, તથા મૂળ સરીગામના સ્વશ્રી સોહનરાજ શાહ એવોર્ડ સહિતના છ એવોર્ડનો સમાવેશ થાય છે. જન્મભુમિ પ્રવાસીના પુર્વતંત્રી સ્વ. મનુભાઇ મહેતાની પ્રેરણાથી વિજ્ઞાન લેખન શરૂ કરનાર ડો. જે.જે. રાવલ આજે પણ લેખ લખવાની શરૂઆત કરતાં પહેલાં એમને મનોમન યાદ કરી લે છે. ખગોળવિજ્ઞાન વિષયક અનેક પરિચય પુસ્તિકાઓ અને ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં ૨૦ થી વધુ પુસ્તકો અને ૮ જેટલી વિજ્ઞાનકથાઓના લેખક એવા ડો. જે.જે. રાવલનો એક વિજ્ઞાન પત્રકાર સ્વ. મનુભાઇ મહેતા પરત્વે નમ્ર અહોભાવ અને કૃતજ્ઞતા કેવી હોય એ આ લખનારે અમદાવાદમાં યોજાયેલી ખગોળવિજ્ઞાનની આંતરરાષ્ટ્રીય કોન્ફરસ્નમાં નજરે નિહાળી હતી. આ આંતરરાષ્ટ્રીય પરિષદનુ ઉદઘાટન ડો. રાવલે ગુજરાતી વિજ્ઞાન પત્રકારત્વના ભિષ્મપિતામહ કહેવાય એવા સ્વ. મનુભાઇ મહેતાની તસ્વીર સામે દિપપ્રાગટ્યથી કર્યુ હતુ. એક વિજ્ઞાન પ્રત્યે સમર્પિત પત્રકાર તરફનો આવો આદર તો ખુદ ગુજરાતના પત્રકાર જગતમાં પણ શોધવો મુશ્કેલ છે.

ડો. જે.જે. રાવલ જેવા પ્રથમ પંક્તિના અધિકૃત વિદ્વાન વિજ્ઞાની ગુજરાતીમાં વિજ્ઞાન લેખન કરે છે એ આપણું ધનભાગ્ય છે. એમની જ્ઞાનપ્રસાદી દર અઠવાડીયે જન્મભુમિ પ્રવાસી, મુંબઇ સમાચાર અને હવે ગુજરાત ગાર્ડિયનમાં પણ પ્રાપ્ત થઇ શકે છે. દમણગંગા ટાઇમ્સના વાંચકોને પણ એમની કલમ અને જ્ઞાનપ્રસાદીનો લાભ એમની કૃપાથી અવારનવાર મળતો રહ્યો છે એ નોંધપાત્ર છે.